# MUMBAI SAMACHAR

**Kerala Diary**

**Date :** 5.1.2020 | **Edition : Mumbai** | **Page :** 12 | **Clip size (cm) : W:** 10 **H:** 22


## કેરળ ડાયરીઃ કમ્યુનિસ્ટ કેરળનું સેક્યુલરિઝમઃ તેજાના એટલે જાણે નાગમણિ!

હિમાલયનાં શિખરોને બાદ કરતાં ભારતમાં સૌથી ઊંચું શિખર કેરળનું અન્નામુડી છે. અન્નામલાઈનાં જંગલ અને પર્વતમાળાઓ વચ્ચે સ્થિત આ ઉત્તુંગ પર્વત એ કેરળના પ્રાકૃતિક વૈવિધ્યનું વધુ એક પ્રતીક છે. મલપ્પુરમ વિસ્તારમાં સ્થિત કન્નિમારી નામનું ઝાડ એ પૃથ્વીનું સૌથી જૂનું વૃક્ષ છે. ભરપૂર હરિયાળીને લીધે અહીં પહોળા હાઈ-વે બનાવવા સરળ નથી. એક માર્ગ બનાવવા કદાચ લાખો વૃક્ષો કાપવાં પડે. એટલે જ અહીં રસ્તાઓ બહુ પહોળા નથી. એક શહેરથી બીજા શહેરનું અંતર ૧૦૦ કિલોમીટર હોય તો આપણે ત્યાં કારમાં દોઢ-બે કલાક થાય. કેરળમાં ત્રણેક કલાક તો ગણી જ લેવાના. ફોર ટ્રેક રસ્તાના તો દર્શન જ દુર્લભ.



રસ્તાની બેઉ તરફ દર બે-પાંચ કિલોમીટરે એકાદ ગામડું આવતું જ હોય. જોકે, અમારો અનુભવ તો એવું કહે છે કે, હાઈ-વે પર માનવ વસાહત ન હોય તેવો સળંગ એક કિલોમીટરનો ટુકડો પણ અમે ક્યાંય ન જોયો. કુમારકોમથી સો-સવાસો કિલોમીટર દૂર કોઈ ટૂરિસ્ટ સ્પોટ પર સવારે જઈને રાત્રે અમારે પરત ફરવું હોય તો રાત્રે ત્રણ વાગ્યે જ અમારે જાગી જવું પડતું. ચાર-સાડાચારે તો નીકળી જવું પડે. અહીં લોકોની સવાર વહેલાં જ પડી જાય, પરંતુ આપણી જેમ વહેલા ચા-નાસ્તો ન મળે. ચારેક વાગ્યે માત્ર અખબારના ફેરિયાઓ, મોર્નિંગ વોકર્સ હોય અને લોટરીના ફેરિયાઓ તથા લોટરીની દુકાનો જ જોવા મળે. અહીં લોટરી પૂર્ણતઃ સરકાર હસ્તક છે. પાંચ-દસ લાખના ઈનામોથી શરૂ કરીને બાર કરોડના બમ્પર જેકપોટ ધરાવતી લોટરીઓ સરકાર જ બહાર પાડે છે. બાર કરોડવાળી લોટરી મોટા તહેવારો નિમિત્તે - વર્ષમાં ત્રણ-ચાર વખત બહાર પડે છે. કિંમતઃ ત્રણસો રૂપિયા.

લોટરીની જેમ શરાબના વેચાણ પર પણ સરકારનો સંપૂર્ણ કાબૂ. હા! બિયર અને વાઈન બીજે ક્યાંથી મળી રહે, પણ વ્હિસ્કી, વોડકા, રમ જેવા હાર્ડડ્રિન્ક સરકારી શોપ્સ પરથી જ મળે. સાંજ પડ્યે આ દુકાનોમાં એવી અને એવડી લાઈન હોય જેવી '૭૦ના દાયકામાં રાશનની સરકારી દુકાનો પર ખાંડ-અનાજ અને કેરોસીન માટે લાગતી. મદિરાપાનમાં પણ કેરળ માથાદીઠ





ખપત બાબતે આખા દેશમાં નંબર વન છે. જોકે, માત્ર આવી નકારાત્મક બાબતોમાં જ રાજ્ય નંબર-વન હોય એવું નથી. છેક ૧૯૩૩માં ત્રિવેન્દ્રમ દેશનું પ્રથમ એવું નગર (મહાનગર નહીં) બન્યું હતું જ્યાં ઘેર - ઘેર વીજળી પહોંચી હોય. આજે કોચ્ચી એરપોર્ટ માત્ર દેશનું નહીં, સમગ્ર દુનિયાનું પ્રથમ 'સોલાર એરપોર્ટ' છે. જરૂરિયાતની તમામ વીજળી એ સૂર્યઊર્જા થકી મેળવે છે, નેટ બેન્કિંગનો ઉપયોગ કરતા સૌથી વધુ લોકો કેરળમાં છે, પંચાયતોને ડિજિટલ નેટવર્કથી જોડવાની સો ટકા પ્રતિશત કામગીરી અહીં થોડાં વર્ષો પૂર્વે જ પૂર્ણ થઈ ચૂકી છે. સરકારી કામગીરીમાં સૌથી ઓછો ભ્રષ્ટાચાર કેરળમાં થાય છે અને સર્વાંગી વિકાસમાં નુકસાનરહિત વિકાસમાં પણ રાજ્ય હાલ દેશમાં અવ્વલ છે.

સામ્યવાદીઓ, માર્ક્સવાદીઓના શાસન અને પ્રભાવ હેઠળ પણ કોઈ રાજ્ય આટલું સંપન્ન કેવી રીતે બની શકે? કેરળ એક કેસ સ્ટડી છે. વાસ્તવમાં અનેક બાબતોને લઈને કેરળનો અભ્યાસ થવો જોઈએ. ઉદાહરણ તરીકેઃ સેક્યુલરિઝમ. જો ભારતમાં ખરેખર સેક્યુલરિઝમ જેવું કશું હોય અને એવું કશું ક્યાંય જોવા મળતું હોય તો એ કેરળ જ છે. જેમ અહીં ચોતરફ નાળિયેરી, કેળ અને હરિયાળી જોવા મળે છે તેમ દરેક મુખ્ય માર્ગો પર, શેરી-ગલીમાં અને ચાર રસ્તે "ઈસુના ઓટલા" પણ જોવા મળે જ. ગુજરાતમાં જેમ બાપા સીતારામના ઓટલા હોય છે અને હનુમાનજીની નાની દેરીઓ હોય છે, તેમ અહીં જિસસના ઓટલા અચૂક દેખાય. હિન્દુ સંતોના કે દેવતાઓના ઓટલા પણ ઓછા નથી. દરેક ગામમાં, ઈવન સાવ ટચૂકડાં ગામડાંમાં પણ અતિશય ભવ્ય કહેવાય તેવા બે-ચાર ચર્ચ તો હોય જ. ગુજરાતમાં જેટલાં પાનનાં ગલ્લાં નહીં હોય, એટલાં ચર્ચ અહીં છે. વિચાર આવે કે શું આપણે સેક્યુલરિઝમનું સુંદર ઉદાહરણ નિહાળી રહ્યા છીએ કે પછી ધર્માંતરણનું વરવું સ્વરૂપ?

"જૈસી જિસ કી સોચ" એવો બાબાભાઈનો ડાયલોગ બોલીને આપણે વાત પડતી મૂકી શકીએ, પણ શું એ વાજબી ગણાશે? બેશક, મંદિરો અને મસ્જિદો પણ કેરળમાં ઓછાં નથી, પરંતુ છેલ્લાં વીસેક વર્ષ દરમિયાન એવી સ્થિતિ છે કે, જો એક મહિનામાં કેરળમાં દસ નવાં ધર્મસ્થાનો બને તો તેમાંથી આઠ ચર્ચ હોય છે, એક મંદિર - એક મસ્જિદ. આ એ જ રાજ્ય છે - જ્યાં સંસ્કૃતની તાલીમનું આજે પણ મહત્ત્વ છે, આ એ જ કેરળ, જ્યાં આયુર્વેદ અનુસંધાનો અને તેના પર આધારિત કેરળ મસાજ, આયુર્વેદિક ચિકિત્સાએ અનેક નવાં, ઉત્તુંગ શિખરો સર્જ્યાં છે. સવાલ એ છે કે શું વિધર્મીઓને કારણે કેરળનું કેરિક ઝાંખું થયું છે? કાટ કે કીટી ગયું છે? કે એ વધુ ઊજળું થયું છે?

ઈતિહાસ અને વર્તમાન પર નજર કરવા જેવું છે.

(જુઓ પાનું ૮) ➤➤

